**સામાન્ય વહીવટ વિભાગ (કેબીનેટ યુનિટ) દ્વારા યોજાતી મંત્રીમંડળ તથા સચિવશ્રીઓની બેઠકમાં અપાતા અલ્પાહાર ખર્ચની વ્યક્તિદીઠ મર્યાદા વધારવા બાબત.**

ગુજરાત સરકાર
**નાણા વિભાગ,**
ઠરાવ **ક્રમાંક: સસપ/૧૦૨૦૧૨/યુઓ. ૩૦૨/ઝ**
સચિવાલય, ગાંધીનગર.
તા. - 8 AUG 2012.

વંચાણે લીધા:(૧) નાણા વિભાગનો તા.૦૭/૦૭/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:સસપ/૧૦૦૬/ યુઓ.૨૫૬/ઝ
(૨) નાણા વિભાગનો તા.૦૬/૦૫/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:સસપ/૧૦૦૬/યુઓ.૨૫૬/ઝ
(૩) નાણા વિભાગનો તા.૦૯/૦૯/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:સસપ/૧૦૦૬/યુઓ.૨૫૬/ઝ

**ઠરાવ**

ઉપરોક્ત વંચાણે લીધેલ નાણા વિભાગના **ક્રમ:૧ થી૩**માં દર્શાવેલ ઠરાવો અન્વયે સામાન્ય વહીવટ વિભાગ (કેબીનેટ યુનિટ) દ્વારા યોજાતી મંત્રીમંડળ તથા સચિવશ્રીઓની બેઠકમાં અપાતા અલ્પાહાર ખર્ચની વ્યક્તિદીઠ મર્યાદા વખતો-વખત વધારવામાં આવેલ છે, જે મુજબ ઉપરોક્ત ક્રમ:(૩)માં દર્શાવેલ નાણા વિભાગના તા.૦૯/૦૯/૨૦૦૮ના ઠરાવથી આવી બેઠકમાં આપવામાં આવતા ગુણવત્તાસભર અલ્પાહારની વ્યક્તિદીઠ ખર્ચ મર્યાદા રૂ.૬૦/-થી વધારીને રૂ.૭૫/- કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. પ્રસ્તુત બાબતે વધતી જતી મોંઘવારી અને ચીજવસ્તુઓના ભાવોને અનુલક્ષીને વ્યક્તિદીઠ ખર્ચની મર્યાદા વધારવા અંગેની સમાન્ય વહીવટ વિભાગની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, જે અંગે કાળજીપુર્વકની વિચારણા કર્યા બાદ અલ્પાહાર ખર્ચની હાલની વ્યક્તિદીઠ મર્યાદા રૂ.૭૫/-થી વધારીને રૂ.૧૮૦/- (બધા કરવેરા સાથે) કરવાનું અને તેનો અમલ ઠરાવ થયાની તારીખથી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

આપની વિશ્વાસુ,
(શૈલજા પટેલ)
સંયુક્ત સચિવ(તિજોરી),
નાણા વિભાગ.

પ્રતિ,
* માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન ,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અગંત સચિવશ્રીઓ, સચિવાલય ,ગાંધીનગર.

પાછળ..

માન.વિરોધપક્ષના નેતીશ્રીના અગંત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય ,ગાંધીનગર.

* સચિવશ્રી,ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય ,ગાંધીનગર.
* સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ ,અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પંસદગી મંડળ, ~~ગાંધીનગર~~/અમદાવાદ.
* સચિવશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ,ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ,સોલા,અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ-૧,૨),ગુજરાત રાજ્ય, અમદાવાદ /રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ.ઈ),ગુજરાત રાજ્ય, અમદાવાદ /રાજકોટ.
સચિવાલયના તમામ વિભાગો,સચિવાલય ,ગાંધીનગર.
સર્વે ખાતાના વડા/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ..
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રી/સર્વે શાખા(નાણા શાખા સહિત), સચિવાલય, ગાંધીનગર.
સીસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ,(વેબ સાઈટ પર મુકવા સારૂ)
પસંદગી ફાઈલ.

*

*જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૧૧૧૬૬–૧૧૨૨૬/૧૨*
*તા. ૧૪/૯/૨૦૧૨*

*૨/– સદર બાબતે ઘટતું થવા સારુ.*

હિસાબી અધિકારી ~~વ હિસાબ~~ નિયામક
*નવસારી કૃષિ યુનિવર્સિટી,*
*નવસારી.*